# નેટવર્ક

# : કમ્પ્યૂટર નેટવર્ક :

જ્યારે બે કે વધુ કમ્પ્યૂટર એક બીજા સાથે એવી રીતે જોડાયેલા હોય જેથી તેઓ એક બીજા સાથે ડેટા કે માહિતીની આપલે કરી શકે તો એવા જોડાણને કમ્પ્યૂટર નેટવર્ક કહે છે.

# નેટવર્કના પ્રકાર

- લોકલ એરિયા નેટવર્ક **(LAN)**
- મેટ્રોપોલિટન નેટવર્ક (**MAN)**
- વાઈડ એરિયા નેટવર્ક **(WAN)**
- ઈન્ટર કનેક્ટેડ નેટવર્ક **(Internet)**

# લોકલ એરિયા નેટવર્ક (LAN)

- મર્યાદિત વિસ્તારમાં કમ્પ્યૂટરને સાંકળે
- ઘર કે ઓફિસ, કેમ્પસ પૂરતું નેટવર્ક
- વાયરલેસ પણ હોઇ શકે

# મેટ્રોપોલિટન નેટવર્ક (**MAN**)

- મહાનગરો પૂરતા
- મોબાઇલ-સેલ્યુલર ફોનનું નેટવર્ક

# વાઇડ એરિયા નેટવર્ક (WAN)

- ખૂબ લાંબા અંતરે આવેલા કમ્પ્યૂટરને સાંકળતા નેટવર્કને
- કોઇ એક શહેરમાં કે લાંબા ભૌગોલિક ભાગમાં
- કેટલાક ભાગ કેબલ વડે તો કેટલાક ભાગ વાયરલેસ કે ઉપગ્રહ દ્વારા
- ઇન્ટરનેટ પણ વેનનો જ પ્રકાર ગણી શકાય

# ઇન્ટરનેટ

- નેટવર્કનું નેટવર્ક
- **Interconnection + Network = Internet**
- કોઇ વ્યકિત કે સંસ્થાના નિયંત્રણ હેઠળ નહીં, આમછતાં ઘણી સંસ્થાઓ મદદરૂપ થાય છે.

# બેઝીક નેટવર્ક આર્કિટેક્ચર

- આર્કિટેક્ચર એટલે કમ્પ્યૂટરની અંદરની ક્રિયાઓ માટેનાં રજીસ્ટર્સ, સ્મૃતિ, સૂચનાઓનો સંગ્રહ અને ઇનપુટ ।।ઉટપુટનું ભૌતિક માળખું
- નેટવર્કની રચના કરવા માટે પાયાના સાધનો **Nodes, Hubs, Backbones** છે.

- નોડ : જેને કમ્પ્યૂટર સાથે જોડી શકાય, જેના સુધી ડેટા પહોંચાડી શકાય અને જેમાંથી ડેટા મેળવી શકાય તેવો હાર્ડવેર કે તેનો કોઇ પણ એક ભાગ દા.ત. કમ્પ્યૂટર, પ્રિન્ટર, સી.ડી.ડ્રાઇવ, મોડેમ

- હબ : નોડને હબ સાથે જોડવામાં આવે છે. જેથી બે કમ્પ્યૂટર વચ્ચેના વાયરોનું જોડાણ સરળ બને.હબ એટલે **connector**
- બેકબોન : ઉચ્ચ ક્ષમતા, ઘણા બધા હબ અને નોડ જોડી શકાય. એક સાથે ઘણો બધો ડેટા મોકલી શકાય.



a basic network architecture




a basic network with a hub and a switch




**two network segments connected via a bridge**



# ટોપોલોજી

- નેટવર્ક માટે કમ્પ્યૂટર્સની એક બીજા સાથે જોડાવાની પદ્ધતિ
- નેટવર્કમાં કમ્પ્યૂટર અને પેરિફરલ્સની ભૌતિક ગોઠવણી
- એક કરતાં વધારે રીતે ગોઠવણી થઇ શકે.
  - રીંગ ટોપોલોજી
  - સ્ટાર ટોપોલોજી
  - બસ ટોપોલોજી
  - પીઅર ટુ પીઅર ટોપોલોજી
  - ટોકન રીંગ ટોપોલોજી
  - ઇથરનેટ

# રીંગ ટોપોલોજી







- નોડ વર્તળાકાર રૂપે – બધાં નોડની વચ્ચે હબ - દરેક નોડ વચ્ચે સીધું જોડાણ નહીં –ભૌગોલિક રીતે નજીક હોય ત્યારે
- એક નોડમાંથી બીજા નોડમાં માહિતી મોકલવામાં આવે ત્યારે તે માહિતી પહેલાં નજીકના નોડ સુધી પહોંચે, જો તે નોડનું સરનામું માહિતી જોડે ના હોય તો તે પછીના નોડ તરફ માહિતી જાય
- યોગ્ય સરનામુ ન મળે ત્યાં સુધી માહિતી એક પછી એક નોડ તરફ આગળ વધે છે.



# સ્ટાર ટોપોલોજી






•કમ્પ્યૂટર સ્ટારના આકારમાં ગોઠવાયેલા હોય છે.

•બધાં નોડ કોઈ એક કમ્પ્યૂટર જોડે જોડાયેલા હોય છે.જે કમ્પ્યૂટર બધા નોડની વચ્ચે હોય છે – જેને હોસ્ટ કમ્પ્યૂટર કહે છે.

•એક નોડમાંથી માહિતી મોકલવામાં આવે ત્યારે સૌ પ્રથમ તે હોસ્ટ કમ્પ્યૂટરમાં જાય છે અને પછી હોસ્ટ કમ્પ્યૂટર તેને યોગ્ય સરનામે મોકલે છે.


HUB

# બસ ટોપોલોજી







•બસ અથવા લાયનર તરીકે ઓળખાય છે

•બધા નોડને એક જ બસ સાથે જોડવામાં આવે છે.કોઈપણ નોડ માટે મોકલવામાં આવેલી માહિતી સૌ પ્રથમ બસમાં જાય છે.

•નેટવર્કમાં જોડાયેલા તમામ કમ્પ્યૂટર તપાસે છે કે આ માહિતી પોતાના સરનામે છે ?

# Networking Topologies



# પીઅર ટુ પીઅર ટોપોલોજી




- •આ નેટવર્કમાં દસ કરતાં ઓછાં કમ્પ્યૂટર
- •આ નેટવર્કમાં સેવ થયેલી ફાઇલ દરેક કમ્પ્યૂટર દ્વારા વાંચી શકાય છે.
- •બધા જ કમ્પ્યૂટર એક સમાન
- • તમે એક કમ્પ્યૂટર પર કામ કરી રહ્યાં હોવ અને તેની પ્રિન્ટ બીજા કમ્પ્યૂટર પરથી મેળવી શકાય

# ટોકન રીંગ ટોપોલોજી

- આકાર રીંગ ટોપોલોજીની જેમ
- એક કમ્પ્યૂટરને બીજા પાસેથી માહિતી મેળવવી હોય ત્યારે તે સંદેશો (ટોકન) મોકલે છે.
- ટોકન સામેવાળા કમ્પ્યૂટરમાં પહોંચે ત્યારે તે કમ્પ્યૂટર જે તે માહિતી ટોકન સાથે જોડીને નેટવર્કમાં મોકલી દે છે.
- માહિતી અને ટોકન મૂળ કમ્પ્યૂટરને મળે ત્યારે તે પોતાની માહિતી લઈ લે છે અને ટોકનને નેટવર્કમાં મોકલી દે છે.
- ત્યારબાદ જ બીજું કમ્પ્યૂટર અન્ય માહિતીની આપલે કરી શકે છે.
- આ ટોકન, નેટવર્ક ઈન્ટરફેસ તરીકે ઓળખાય છે.

# ઈથરનેટ




•એક કમ્પ્યૂટર માહિતી મોકલે ત્યારે અન્ય નિષ્ક્રિય  રહે
•માહિતી મોકલનાર કમ્પ્યૂટરનું કાર્ય પૂર્ણ થયા પછી જ બીજું કમ્પ્યૂટર માહિતી મોકલે
•ाામ બે કમ્પ્યૂટર એક સાથે નહીં પણ વારાફરતી માહિતીની આપલે કરે છે.

# ઈન્ટરફેસ

- ઇન્ટરફેસ દ્વારા કમ્પ્યૂટર-કમ્પ્યૂટર વચ્ચે, કમ્પ્યૂટર અને વપરાશકર્તા વચ્ચે કે કમ્પ્યૂટર-બાહ્ય સાધનો વચ્ચે વાર્તાલાપ શક્ય બને છે.
- કમ્પ્યૂટર ચાલુ કરતાં સ્ક્રિન પર જે દેખાય તે ઇન્ટરફેસ. કારણે કે તેથી જ કમ્પ્યૂટર અને વપરાશ કર્તા વચ્ચે આંતરક્રિયા
- આઇકન એ ગ્રાફિકલ ઇન્ટરફેસ છે.
- કમ્પ્યૂટરને નેટવર્ક સાથે જોડવા તેના સ્લોટમાં ઇન્ટરફેસ  કાર્ડ લગાવવામાં આવે છે.

# જાહેરનેટવર્ક

- એવું નેટવર્ક કે જેમાં કોઇપણ વ્યકિત જોડાઇ સકે છે
- તે માટે ફિ ચૂકવવી પડે છે
- **WAN** કહે છે.

## ઇન્ટ્રાનેટ

અમુક સંસ્થા પોતાનું નેટવર્ક

- જેમાં તેના કર્મચારી કે સભ્યો જ લાભ લઇ સકે
- બહારની વ્યક્તિ તેનો ઉપયોગ કરી સકે નહીં
- ખાનગી ઇન્ટરનેટ કહીં શકાય.

## એક્સ્ટ્રનેટ :

- ઇન્ટ્રાનેટનું વિસ્તૃત સ્વરૂપ
- સંસ્થાની અંદરની વ્યક્તિ ઉપરાંત, સંસ્થા સાથે સંકળાયેલ બહાની વ્યકિત પણ ઉપયોગ કરી શકે

- ફાયરવોલ્સ
  - સોફ્ટવેર છે
  - નેટવર્કમાં કોઇ વ્યક્તિ હસ્તક્ષેપ ના કરે તે માટે
  - કોઇ ઘૂસણખોર આપણા નેટવર્કમાં ઘૂસીને માહિતી મેળવી શકે નહીં.
  - ના જોઇતી માહિતીને ડાઉનલોડ પણ ન કરવા દે.

# નેટવર્ક પ્રોટોકોલ

- નેટવર્કમાં માહિતી મોકલવા કે મેળવવા જે નિયમ-કાયદાનું પાલન કરવામાં આવે છે તેને નેટવર્ક પ્રોટોકોલ કહે છે.
- બે કમ્પ્યૂટર વચ્ચે માહિતીની આપલે કરવા માટે બંને કમ્પ્યૂટરમાં સમાન પ્રોટોકોલ હોવો જોઇએ.

# પ્રોટોકોલના પ્રકાર

૧. હાયપરટેક્ષ ટ્રાંસફર પ્રોટોકોલ (**HTTP**) :નેટવર્કમાં એક કમ્પ્યૂટરથી બીજા કમ્પ્યૂટર સુધી હાયપર ટેક્ષ ફાઇલ કે વેબ પેજ મોકલવા માટેની પદ્ધતિ કે નિયમ

૨. ફાઇલ ટ્રાંસફર પ્રોટોકોલ (**FTP**) : ફાઇલ મોકલવા માટેની રીત કે નિયમ

૩. સિમ્પલ મેઇલ ટ્રાંસફર પ્રોટોકોલ : ઈમેલ મોકલવા

૪. ટ્રાંસમિશન કંટ્રોલ પ્રોટોકોલ અથવા ઈન્ટરનેટ પ્રોટોકોલ (**TCP/ IP**)

# ટ્રાંસમિશન કંટ્રોલ પ્રોટોકોલ અથવા ઈન્ટરનેટ પ્રોટોકોલ (TCP/ IP)

- ઈન્ટરનેટ દ્વારા જ્યારે ફાઈલને એક જગ્યાએથી બીજી જગ્યાએ મોકલવામાં આવે ત્યારે ઈન્ટરનેટ પ્રોટોકોલ (આઇ.પી.) તે ફાઈલને ચોક્ક્સ સરનાસમુ આપીને રૂટર દ્વારા નેટવર્કમાં મોકલે છે. અથવા તો આવેલી માહિતીને સ્વીકારે છે.
- જો મોકલવામાં આવેલી ફાઈલ મોટી હોય તો એ ફાઈલ ટ્રાન્સફર ન થાય ત્યાં સુધી બીજાના કામ થંભાવી દે છે.
- તેના ઉકેલ રૂપે **TCP** તે ફાઈલને ટૂકડાઓમાં વિભાજિત કરી દે છે.તે ટૂકડાઓને ચોક્ક્સ નંબર પણ આપીને મોકલે છે.
- દરેક ટૂકડો જુદા જુદા સમયે અને માર્ગે આગળ વધે છે માટે પહોંચતા પણ જુદો જોદો સમય લાગે
- કેટલાક ટૂકડા રસ્તામાં બગડી કે ખોવાઇ  પણ જાય.
- ટૂકડાઓ જ્યારે ચોક્ક્સ સરનામે કમ્પ્યૂટર પાસે પહોંચે ત્યારે **TCP** ફરીથી તે ટૂકડાઓની ચકાસણી કરી તેને યોગ્ય ક્ક્રમમાં ગોઠવે છે. જો કોઈ ટૂકડો ખોવાયો કે બગેડેલો હોય તો મોકલનારને વિનંતી કરે છે.